# ગઝલ-ગીત

## -બકુલેશ દેસાઈ

**.1.**

આદરી છે અને અધુરી છે,
જાતની જાતરા ક્યાં પુરી છે ?

રાહ જોવામાં શુરીપુરી છે,
મારી આંખો ગજબની નુરી છે.

જીવવા યાદ બહુ જરુરી છે,
એટલે મેં સતત વલુરી છે.

ધુળ શ્રદ્ધા અને સબુરી છે ?
લાગે છે, ભીરુતા ઢબુરી છે.

ભાવ-સમભાવ-ધ્યેય નહીં હો તો,
જીન્દગી કૈં નથી, મજુરી છે.

મીત્રતાનો ભરમ ન સચવાયો,
રામ મુખમાં, બગલમાં છુરી છે.

અધવચાળે મુલવણી શા માટે ?
વાત પુરી નથી, અધુરી છે !

**.2.**

વૈશાખ-જેઠ માસની બળબળતી આગ છું,
ઝરમર રુપે તું આવે તો શબ્દોનો બાગ છું.

હમણાં તો ગુંચળું નર્યું પળને કરંડીયે,
જેવા વહાવે સુર તું, મદહોશ નાગ છું.

વરદાન દીર્ઘ આયુનું પહેલાં ગમી ગયું !
જાણ્યું અનુભવે કે એકાંગી કાગ છું.

છે રામનાં રખોપાં એવું હું કહું અને,
મંદીરની સીડી પર થતી હું નાસભાગ છું !

કૃપા–કટાક્ષ મારી ઉપર તારો ક્યાં થયો ?!
હું આજની પળેય જો, યત્નો અથાગ છું !

માની લીધું નજીવું છે મારું વજુદ પણ,
*કોઈ વીરાટ યોજનાનો હુંય ભાગ છું.
(*પંક્તી સૌજન્ય: ભગવતીકુમાર શર્મા)

.3.

પાછું જોતાં હું ધાર પર આવ્યો,
ક્યાં જવું ? એ વીચાર પર આવ્યો.

એક એના પુકાર પર આવ્યો,
વીતી પળના દુલાર પર આવ્યો.

સ્વપ્ન ભ્રામક છે: સાર પર આવ્યો,
યંત્ર માફક સવાર પર આવ્યો.

મેઘ ગાજ્યા; પરંતુ વરસ્યા નહિ,
લખતાં પહેલા જ હાર પર આવ્યો.

કેમ વેઠાય આ ડુમો ? ધારી–
સાચ્ચું કહું ? અશ્રુધાર પર આવ્યો.

સળ, છીદ્રો અને સ્મરણ મબલખ,
બંસી છોડી સીતાર પર આવ્યો.

સામે નર્મદનો દાખલો, તો પણ;
મામલો મુઠ્ઠી જાર પર આવ્યો.

**.4.**

હું ઈચ્છું કે એ એક વેળા સ્વીકારે,
પછીથી ભલે એ જીવનભર વીસારે.

હું બેચેન છું જેને જેને વીચારે,
તે બેચેન કરતાં વધારે વધારે.

પરાજયના મુખમાંથી એ તો ઉગારે;
પરંતુ અહીં કોણ એને પુકારે ?

દગો દઈ શકે છે સજળ વાદળો પણ,
પવન જેને ઘસડી જતો વારે વારે.

બીજાઓ અચંબીત કે હું ચુપ રહું છું,
ફરક જે પડ્યો તે ફક્ત ઉંહકારે.

વધારો કરે તું 'બકુલેશ'! દુખમાં,
મળે કુદરતી એને નકારે.

**.5.**

સુકી આંખમાં સ્વપ્ન જોઈને જીવું,
વીફળતાના કૈં ડાઘ ધોઈને જીવું.

મને તો અભીશાપ પુરુષપણાનો,
તું જો મોકલે, આંસુ લો'ઈને જીવું.

મહાલય છે મારું અભરે ભરેલું,
ઝુરાપાનાં હું બીજ બોઈને જીવું.

ગણો તો છે મીત્રોનું વર્તુળ બહુ મોટું,
પરીઘેથી બસ જોઈ–જોઈને જીવું.

અરે નામ કોનું આ હોઠેથી નીકળ્યું ?
ન જમવા હું પામ્યો રસોઈ, ને જીવું !

**.6.**

કાંકરી ફેંકાય રાબેતા મુજબ,
શાંત મન વમળાય રાબેતા મુજબ.

નહીં થવાનું થાય રાબેતા મુજબ,
તું બધે દેખાય રાબેતા મુજબ.

વીઘ્ન વીત્યે સહેજ સાનુકુળતા...
મગરુરી બમણાય રાબેતા મુજબ.

હું કૃપણ શો સાચવું વીતી પળો,
તું મળે ખર્ચાય રાબેતા મુજબ.

આંખમાં આંખો પરોવી માગ તું,
શાને તું શરમાય રાબેતા મુજબ ?

પશ્ચીમે ડુબે ભલે મારો સુરજ,
'પુર્વ'વત્ થઈ જાય રાબેતા મુજબ !

ના કહેવાની 'બકુલેશ', શીખ કળા !
ક્યાં સુધી પસ્તાય રાબેતા મુજબ ?

**.7.**

પ્રશ્ન પુછવો હોય તો તું યક્ષ બન,
પ્રશ્ન બન, તું વહાલનો પ્રતીપક્ષ બન.

'આવકારું કઈ રીતે', એ મુંઝવણ !
પોતીકા શબ્દે સરજેલો કક્ષ બન.

જો પીડા બીરદાવવાની હો સભા,
કોણ બીજો યોગ્ય ? તું અધ્યક્ષ બન.

આળ ને આક્ષેપ, કાં તો તું ઉવેખ,
યા તો તું પડકારવાને દક્ષ બન.

'કોઈની ટીકા નહીં'– નું વ્રત લીધું,
ભોગ તારા, અન્યનો ભક્ષ બન !

કો'ને નાનો અગર નીચો ન ગણ,
કદ વધારી, એનો તું સમકક્ષ બન.

**.8.**

**(Face bookની ગઝલ)**

નથી સામે તો પણ પરીચયની દુનીયા,
અહીં દોસ્ત કેવળ સમુચયની દુનીયા.

કુંવારા કે સીંગલ... મહાશયની દુનીયા,
મહીલાના સંકુલ મહાલયની દુનીયા.

ખરીદીની દુનીયા... ને વીક્રમની દુનીયા...
કદી લાભ–હાનીના સંશયની દુનીયા.

ચહેરાનું પુસ્તક આ દળદાર ખાસ્સું...
ઉપરછલ્લી જો કે અનુનયની દુનીયા.

છબી છે, વીગત છે, ગમા–અણગમા છે...
છતાં દોહ્યલી છે સમન્વયની દુનીયા.

પહેલા તો દોસ્તી... પછીથી નીકટતા...
પછી પાંગરે પણ પરીણયની દુનીયા !

સુવીધા  અહીં offline થવાની...!
છે ગાયબ થવાના અભીનયની દુનીયા !

અગર મૈત્રી–વર્તુળ પહેલેથી મોટું...
અહીં ક્લીક કરવું એ અપવ્યયની દુનીયા !

**.9.**

રોજ શાને પ્રશ્ન મનમાં થાય છે ?
શાને એ તત્ક્ષણ શમી જાય છે ?

કાં મુંઝારો આભનો ભુલાય છે ?
એકલી જળધાર કાં વખણાય છે ?

સીધી લીટીનું મન અટવાય છે,
સાવ સીધી વાત ક્યાં સમજાય છે ?

જેટલો બોજો વધુ હૈયા ઉપર,
ડુબવાના ચાન્સ વધતા જાય છે.

છોળ છો, સમૃદ્ધીની ઉડ્યા કરે,
તૃપ્તી બદલે જીવ કાં કચવાય છે ?

કોઈ પણ નહીં પ્રશ્ન હો: એવી સ્થીતી–
લો, મળી ! તો પણ ખુશી છલકાય છે !

દુ:ખ જચે નહીં, સુખ પચે નહીં...શું કરું ?
નહીં અવેજીમાં બીજું દેખાય છે.

**.10.**

કેવી રીતે ભાષા પર જાગે ભીના ભાવ ?

સાથે બેસી હજી વીચારો...વધુ ન ગોથાં ખાવ !

કેવી રીતે.......

'બા' બોલ્યાં'તાં પહેલું–વહેલું દુધીયું જે ભાષામાં,

હાલરડાં ને ગીતકથા વીસરાયાં કૈં આશામાં ?

કાગળ–ફોન ને ઈન્ટરનેટ પર મા–ભાષા છલકાવ...

કેવી રીતે......

માતા કરતાં માસી વહાલી ! અંગ્રેજી કામણગારી !

ગુજરાતી છેક હડસેલાઈ... કેવી દુનીયાદારી !

ક્યારેક તો ભૈ મા–ભાષામાં રુદન કરો– હરખાવ !

કેવી રીતે......


*બકુલેશ દેસાઈ*

(કવીસંપર્ક: 'મહર્ષી' સોપારી ગલી, ભરુચા સોસાયટી, આસ્તીકનગર પાસે, નવયુગ કૉલેજ પાછળ, સુરત–395009

ફોન: 0261-276 9598, મોબાઈલ: 98251 52923, Email: beedeesai@gmail.com)


@@@


'સન્ડે –મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક : 235 – January 15, 2012

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@


**More than 1,16,70,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 10,36,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 2,15,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**


@@@@@@@